# રાજપથ બન્યો યોગપથ

## રાજપથ ઉપર યોગ કાર્યક્રમની શરૂઆત પહેલા મોદીનું સંબોધન







નવી દિલ્હી,તા. ૨૧


વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક રાજપથ ઉપર યોગ કાર્યક્રમમાં ભાગ લેતા પહેલા ઉપસ્થિત લોકોને સંબોધન પણ કર્યું હતું. પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર દેશ-દુનિયાના લોકોને શુભકામના આપતા મોદીએ કહ્યું હતું કે, યોગ શરીર, મનને સંતુલિત કરવાના માધ્યમ તરીકે છે. સાથે સાથે પ્રેમ અને શાંતિ, એકતા, સદભાવનાભાવને પણ જીવનમાં ઉતારવાનો કાર્યક્રમ છે. વડાપ્રધાને આ પ્રસંગે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૧મી જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કરવા બદલ આ સંસ્થાનો આભાર માન્યો હતો. આ દરખાસ્તને ટેકો આપનાર દેશોનો પણ આભાર માન્યો હતો. કાર્યક્રમના શુભારંભ વેળા મોદીએ કહ્યું હતું કે, આ કાર્યક્રમનો હેતુ માનવ કલ્યાણ અને દુનિયાને તણાવમુક્ત બનાવવાની સાથે સાથે દુનિયાભરના સદભાવનાનો સંદેશ પહોંચાડવાનો છે. યોગને જીવનના એક હિસ્સા તરીકે બનાવવા મોદીએ તમામને અપીલ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, મોટાભાગના લોકો યોગને ફિટનેસ માટેના માધ્યમ તરીકે ગણે છે પરંતુ આ બાબત તેઓ બિલકુલ અયોગ્ય તરીકે ગણે છે. શરીરને માત્ર વધુને વધુ સરળ બનાવવાને યોગ્ય તરીકે કહી શકાય નહીં. યોગના પક્ષમાં માહોલ સર્જાય તે જરૂરી છે. ભવિષ્યમાં પણ યોગ તરફી માહોલ રહેશે તેવી વાત તેમણે કરી હતી. માનવની મનની શાંતિના એક નવા યુગ તરીકે આની શરૂઆત થઈ રહી છે. યોગની શરૂઆત કઈ જમીન ઉપર થઈ તે બાબત તેમના માટે મહત્વપૂર્ણ નથી. તેમનું કહેવું છે કે, માનવીનો આંતરિક વિકાસ થાય તે જરૂરી છે. આને એક દિવસ તરીકે ન મનાવીને સતત આ દિશામાં અગ્રેસર રહેવા તેઓએ અપીલ કરી હતી. દુનિયાએ વિકાસની નવી ઉંચાઈઓ હાંસલ કરી છે. ટેકનોલોજી એક રીતે જીવનના દરેક ક્ષેત્રમાં પ્રવેશ કરી ચુકી છે. તમામ ચીજો ઝડપથી આગળ વધી રહી છે. દુનિયામાં દરેક પ્રકારની ક્રાંતિ થઈ રહી છે પરંતુ માનવી પાછળ રહી જાય તે બાબતને ચલાવી શકાય નહીં. આંતરિક મનથી કઈ રીતે તાકાતવર બની શકાય તે બાબત મહત્વપૂર્ણ છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, અમે વિશ્વના દેશોનો પણ આભાર માનીએ છે જે દેશોમાં આની ઉજવણી થઈ રહી છે. મોદીએ ખુશી વ્યક્ત કરતા કહ્યું હતું કે, રાજપથ એક દિવસે યોગપથ બનશે તેવી કલ્પના પણ કોઈને ન હતા. મોદીએ કહ્યું હતું કે, પ્રચીન પરંપરાને આગળ વધારવાનો સમય આવી ગયો છે. મોદીએ દાવા સાથે કહ્યું હતું કે, દુનિયાને આ બાબત સ્વીકારવી પડશે કે યોગ અભ્યાસનો સૂર્ય ક્યારેય અસ્ત થઈ શકે નહીં.



# ભારત યોગ રંગમાં રંગાયુ







નવી દિલ્હી,તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગા દિવસનું આજે નેતૃત્વ કર્યું હતું. મોદીએ ઉત્સાહપૂર્વક ૩૫૦૦૦થી પણ વધુ લોકોની સાથે યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ભારતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસંગે ૧૯૧ દેશોનું નેતૃત્વ કર્યું હતં. રાજપથ ઉપર ૧૫૨થી વધુ દેશોના રાજકીય લોકો ઉપસ્થિત રહ્યા હતા. મોદી યોગાસન કરશે કે કેમ તેને લઈને સસ્પેન્સની સ્થિતિ હતી પરંતુ આજે સવારે મોદી પોતે પણ યોગાસન કરવા માટે બેસી ગયા હતા. રાજપથ ખાતે આયોજિત કાર્યક્રમમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા, લેફ્ટી ગવર્નર નજીબજંગે પણ આસન કર્યા હતા. આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ પરિપૂર્ણ કરી લેવામાં આવી હતી. મુખ્ય કાર્યક્રમ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ઐતિહાસિક રાજપથ ખાતે યોજાયો હતો. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે ઉપસ્થિત રહ્યા હતા અને યોગાસન કાર્યક્રમમાં જોડાયા હતા. મોદીએ પોતે યોગાસન કરીને નવો દાખલો બેસાડ્યો હતો. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોદી સવારે ૬.૪૦ વાગે સ્થળ પર પહોંચી ગયા હતા. ત્યારબાદ થોડી મિનિટ સુધી ઉપસ્થિત રહેલા લોકોને સંબોધન કર્યું હતું. ત્યારબાદ યોગ કાર્યક્રમની વિધિવત શરૂઆત થઈ હતી. ૩૫ મિનિટ સુધી આ કાર્યક્રમ ચાલ્યો હતો જેમાં જુદા જુદા આસનો ઉપસ્થિત ૩૫૦૦૦થી પણ વધુ લોકોએ કર્યા હતા. આ કાર્યક્રમની શરૂઆત સાત વાગે થઈ હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ આ કાર્યક્રમને લઈને ભાજપ સરકારે જોરદાર તૈયારી છેલ્લા કેટલાક દિવસથી જારી રાખી હતી. રાજપથ ખાતે આયોજિત દેશના સૌથી મોટા કાર્યક્રમમાં યોગ ગુરૂ બાબા રામદેવ સહિતની હસ્તીઓએ ભાગ લીધો હતો. રાજપથ ખાતે આયોજિત કાર્યક્રમમાં ૫૦ દેશોના ૧૦૦થી વધારે વિદેશી લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા. રાજપથ ખાતે ૧૪૦૦ મીટરના પટ્ટામાં ૩૭૦૦૦ યોગા મેટ ગોઠવી દેવામાં આવી હતી. સરકારી અધિકારીઓ અને પ્રધાનો પણ આમાં જોડાયા હતા. દેશના અન્ય ભાગોમાં પણ કાર્યક્રમમાં લોકો જોડાયા હતા. વિવિધ રાજ્યોમાં પણ યોગ દિવસને શાનદારરીતે મનાવવામાં આવ્યો હતો. રાજપથ ખાતે ૩૫૦૦૦થી વધારે લોકો એકત્રિત થયા હતા. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બોલિવુડની કેટલીક હસ્તીઓનો પણ સમાવેશ થાય છે. રાજપથ ખાતે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ૨૧મી જુનને મનાવવા માટે સંયુક્ત રાષ્ટ્રે મંજૂરી આપી દીધા બાદ ભારતની મોટી સફળતા છે. ૨૧મી જૂનના દિવસે કાર્યક્રમના પ્રસારણ માટે દૂરદર્શન ૨૦થી વધુ હાઈડેફિનેશન કેમેરાઓ ગોઠવી દીધા હતા. મોદીએ ૬.૪૦થી લઈને ૭ વાગ્યા સુધી ઉપસ્થિત લોકોને સંબોધન કર્યું હતું. મોદીની સાથે યોગગુરુ બાબા રામદેવ પણ મંચ ઉપર ઉપસ્થિત રહ્યા હતા.

### રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનો મત

## યોગ ઘણી લાઈફસ્ટાઈલ સંબંધિત તકલીફ ટાળે છે



રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી પણ યોગ પ્રસંગે વિશેષ ઉત્સાહિત દેખાયા હતા. રાષ્ટ્રપતિએ પણ આ દિવસે દેશના લોકોને શુભેચ્છા પાઠવી હતી. રાષ્ટ્રપતિ ભવનના એક હજારથી વધુ લોકો, રાષ્ટ્રપતિના બોડીગાર્ડ, સેનાના જવાનો, ભારત તિબેટ પોલીસફોર્સ, દિલ્હી પોલીસના જવાનો પણ સામૂહિક યોગા કાર્યક્રમમાં જોડાયા હતા. મોરારજી દેસાઈ નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ યોગ સાથેના સહકાર સાથે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે, યોગ એક કલાની સાથે સાથે વિજ્ઞાન તરીકે પણ છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ પોતે ખુબ ઉત્સાહિત મૂડમાં નજરે પડ્યા હતા. આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસંગે રાષ્ટ્રપતિ ભવનમાં સામૂહિક યોગ કાર્યક્રમનું રાષ્ટ્રપતિએ ઉદ્‌ઘાટન કર્યું હતું અને કહ્યું હતું કે, યોગ લાઈફસ્ટાઈલ સાથે સંબંધિત ઘણી બિમારીઓને રોકવામાં મદદ કરે છે.

# કઠોળના ભાવ કિલોદીઠ ૧૦૦થી પણ ઉપર થયા

નવીદિલ્હી,તા.૨૧

કઠોળની કિંમત રોકેટગતિએ વધી છે અને દેશના ઘણા મોટા શહેરોમાં ભાવ પ્રતિકિલો ૧૦૦થી પણ ઉપર પહોંચી ગયો છે. ઘણી કઠોળની છુટક કિંમતો મોટા શહેરોમાં પ્રતિકિલો ૧૦૦થી પણ ઉપર પહોંચી જતા સામાન્ય લોકોના બજેટ બગડી ગયા છે. કઠોળના ભાવ આસમાને પહોંચ્યા હોવા છતાં સરકારી સંસ્થા તરફથી ભાવ વધારાને કાબૂમાં લેવા માટે કઠોળની આયાત માટે કોઈ ટેન્ડર જારી કર્યા નથી. ચણા અને મસુરની દાળ સિવાય કઠોળની તમામ મોટી વેરાઈટીના ભાવ મોટા શહેરોમાં ૧૦૦ રૂપિયાથી પણ ઉપર પહોંચી ગયા છે. જેમાં તુવેર, અડદ અને મગ દાળનો સમાવેશ થાય છે. છેલ્લી સિઝનમાં વધારે ઉત્પાદન કરતા પટ્ટામાં ઓછું ઉત્પાદન થવાના પરિણામ સ્વરુપે કઠોળના ભાવ આસમાને પહોંચી ગયા છે. દિલ્હી અને કોલકાતા જેવા શહેરોમાં ગ્રાહકોને તુવેર માટે ૧૦૫થી ૧૧૩ રૂપિયા સુધી ચુકવવાની ફરજ પડી રહી છે. એક વર્ષ અગાઉના ગાળા દરમિયાન આ ભાવ ૬૭-૭૩ રૂપિયાની આસપાસનો હતો. મુંબઈ અને ચેન્નાઈમાં રહેતા લોકો તુવેર દાળ માટે સૌથી જંગી નાણાં ચુકવી રહ્યા છે. છેલ્લા એક વર્ષના ગાળામાં જ કઠોળની કિંમતમાં ૬૦ ટકા સુધીનો રેકોર્ડ વધારો થિ ગયો છે. કારણ કે, સ્થાનિક ઉત્પાદનમાં પ્રતિકુળ હવામાનની સ્થિતિના પરિણામ સ્વરુપે ૨૦૧૪-૧૫ના પાક વર્ષમાં બે મિલિયન ટનનું ઉત્પાદન ઘટી ગયું છે. ભાવ વધારાને કાબૂમાં લેવા માટે સરકારે મોટા પ્રમાણમાં કઠોળની આયાત કરીને સપ્લાયને સુધારવાનો નિર્ણય કર્યો છે. જો કે, રાજ્યની વેપારી સંસ્થાઓ જેમ કે એમએમટીસી મારફતે રુપરેખાઓ તૈયાર કરવામાં આવી નથી. આયાત માટે કોઈ ટેન્ડરો જારી કરાયા નથી. આયાત માટેના ટેન્ડરો મુકાયા નથી. ગયા સપ્તાહમાં સરકારે કઠોળના એમએસપીમાં નોંધપાત્ર વધારો કર્યો હતો અને એમએસપીમાં ઉત્પાદનનો વધારવા માટે ક્વિન્ટલદીઠ ૨૭૫ રૂપિયાનો વધારો કરાયો હતો. મળેલા આંકડા મુજબ મુંબઈમાં તુવેરની કિંમત હાલામાં ૧૧૬ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. દેશના અન્ય ભાગોમાં પણ આ પ્રકારની સ્થિતિ પ્રવર્તી રહી છે.

# મલાડ લઠ્ઠાકાંડમાં મૃતાંક વધી ૯૪ થયો : તંત્ર ભારે ચિંતિત

મુંબઈ, તા.૨૧

મુંબઈના મલાડ ખાતે સર્જાયેલા લઠ્ઠાકાંડના બનાવમાં મોતનો આંકડો હજુ પણ વધી રહ્યો છે. વધુ કેટલાક લોકોના મોતની સાથે આજે મોતનો આંકડો વધીને વધીને ૯૪ ઉપર પહોંચી ગયો હતો. ૩૫ લોકો હજુ પણ આઠ જુદી જુદી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જે પૈકી ૧૨થી વધુ લોકોની હાલત હજુ પણ ગંભીર બનેલી છે. જેથી મોતનો આંકડો હજુ વધવાની દહેશત પ્રવર્તી રહી છે.મુંબઈમાં સર્જાયેલા લઠ્ઠાકાડના બનાવ પૈકી આ બનાવ હવે સૌથી મોટો બની ગયો છે. લઠ્ઠાકાડના બનાવ બાદ હવે એક્સાઈઝ વિભાગના ચાર અધિકારીઓને સસ્પેન્ડ પણ કરવામાં આવી ચુક્યા છે. મુખ્ય આરોપી મેનકાબાઈ હજુ પણ ફરાર છે. તેને શોધી કાઢવાના પ્રયાસ ચાલી રહ્યા છે. વર્ષ ૨૦૦૪માં વિખરૌલી ખાતે લઠ્ઠાકાડના બનાવમાં ૮૯ લોકોના મોત થયા હતા. વર્ષ ૨૦૦૪ના લઠ્ઠાકાડના બનાવ કરતા પણ આ બનાવને મોટા બનાવ તરીકે ગણવામાં આવે છે. પોલીસ પર તીવ્ર દબાણની સ્થિતી છે. આજે ઝેરી શરાબ પીવાના કારણે અસરગ્રસ્તો પૈકી વધુ કેટલાક લોકોના મોત થઈ ગયા હતા. બીજી બાજુ સ્થાનિક લોકોમાં ભારે નારાજગી દેખાઈ રહી છે. લોકોનો આક્ષેપ છે કે મુંબઈ પોલીસ અને એક્સાઈઝ વિભાગ બિલકુલ નિષ્ક્રિય છે. હજુ લઠ્ઠાકાંડના બનાવને લઈને હોબાળો જારી રહે તેવી શક્યતા છે. હોસ્પિટલમાં ભારે અંધાધુંધી પ્રવર્તી રહી છે. બીજી બાજુ પોલીસ પર આને લઈને દબાણ વધી ગયું છે. સમગ્ર મામલામાં લાપરવાહી રાખવા બદલ આઠ પોલીસઅધિકારીઓને પહેલાથી જ સસ્પેન્ડ કરવામાં આવી ચુક્યા છે. હજુ પણ પોલીસ અધિકારીઓ પણ સકંજામાં આવી શકે છે. આ સંદર્ભમાં ૧૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ તમામની પુછપરછ ચાલી રહી છે. પુછપરછના આધાર પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. જો કે કોઈ નક્કર કડી હજુ હાથ લાગી નથી. પ્રાપ્ત અહેવાલ મુજબ ઝેરી શરાબનો શિકાર થયેલા અન્ય ૩૫ લોકોને મુંબઈની જુદી જુદી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ઝેરી શરાબ પીવાનો મામલો મુંબઈમાં મલાડના માલવણી વિસ્તારમાં બન્યો હતો.

જુરાસિક પાર્કમાં ઝેરી શરાબનો મામલો સપાટી ઉપર આવ્યા બાદ તંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. માલવણી વિસ્તારમાં સ્થિત જુરાસિક પાર્કમાં કેટલાક લોકોએ ઝેરી શરાબ પીધા બાદ તેમને માઠી અસર થઈ હતી. તેમની આંખોમાં બળતરા અને પેટમાં દુખાવાની શરૂઆત થઈ હતી. ઝેરી શરાબ પીધા બાદ કેટલાક લોકો થોડાક સમયમાં જ બેભાન થઈ ગયા હતા. ત્યારબાદ લોકોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. કેટલાક લોકોને હોસ્પિટલ લઈ જવાઈ તે પહેલા જ મૃત જાહેર કરી દેવામાં આવ્યા હતા. જુદી જુદી હોસ્પિટલમાં આઈસીયુમાં રહેલા અન્ય ૩૫ પૈકી સાતની હાલત ગંભીર જણાવવામાં આવી છે. મુંબઈ પોલીસની તપાસ હવે ક્રાઈમ બ્રાંચને સોંપી દેવામાં આવી છે.

# ટોપ-૯ કંપનીઓની માર્કેટ મૂડીમાં નોંધપાત્ર વધારો થયો

નવી દિલ્હી,તા. ૨૧

શેરબજારમાં છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન ટોપની ૧૦ સેન્સેક્સ કંપનીઓ પૈકીની નવ કંપનીઓની સંયુક્ત માર્કેટ મુડીમાં ૯૨૩૪૦.૭૪ કરોડનો વધારો થયો છે. શેરબજારમાં છેલ્લા સપ્તાહમાં તેજી રહેતા ટોપ કંપનીઓની માર્કેટ મુડીમાં વધારો થયો છે. એકમાત્ર કોલ ઈન્ડિયાની માર્કેટ મુડીમાં ઘટાડો થયો છે. શેરબજારમાં છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન આરઆઈએલની માર્કેટ મુડીમાં સૌથી વધુ વધારો થયો છે. તેની માર્કેટ મુડી ૩૪૭૪૩.૧૬ કરોડ વધીને ૩૨૨૫૧૧.૦૬ કરોડ થઈ ગઈ છે. જ્યારે ઓએનજીસીની માર્કેટ મુડીમાં ૧૫૮૨૭.૬૬ કરોડનો વધારો થયો છે. જેથી તેની માર્કેટ મુડી વધીને ૨૭૨૮૭૭.૩૬ કરોડ થઈ છે. સન ફાર્માની માર્કેટ મુડી ૭૮૯૨.૮૭ કરોડ વધી છે. જેથી તેની માર્કેટ મુડી વધીને ૨૦૩૭૧૦.૭૦ કરોડ થઈ છે. ટીસીએસની માર્કેટ મુડી આ ગાળા દરમિયાન ૭૬૪૮.૮૩ કરોડ સુધી વધી છે. જેથી તેની માર્કેટ મુડી હવે વધીને ૪૯૯૬૯૧.૦૯ કરોડ થઈ છે. એચડીએફસી અને આઈટીસીની માર્કેટ મુડીમાં પણ આ ગાળા દરમિયાન વધારો થયો છે. બન્ને કંપનીઓની માર્કેટ મુડી ક્રમશ ૭૪૬૯.૪૬ કરોડ અને ૬૬૧૨.૮ કરોડ વધી છે. જેથી તેમની માર્કેટ મુડી ક્રમશ વધીને ૧૯૫૦૦૧.૬૪ કરોડ અને ૨૪૪૫૯૩.૫૮ કરોડ થઈ ગઈ છે. છેલ્લા સપ્તાહના ગાળા દરમિયાન એચડીએફસી બેંકની માર્કેટ મુડીમાં ૫૫૧૯.૭૩ કરોડનો વધારો થયો છે. જેથ તેની માર્કેટ મુડી વધીનો હવે ૨૫૮૪૭૩.૭૮ કરોડ થઈ છે. છેલ્લા સપ્તાહમાં એસબીઆઇ અને ઈન્ફોસીસની માર્કેટ મુડી પણ વધી છે. આ બન્નેની માર્કેટ મુડી ક્રમશ ૪૬૯૧.૦૫ કરોડ અને ૧૯૩૫.૧૮ કરોડ સુધી વધી છે. શેરબજારમાં છેલ્લા સપ્તાહ દરમિયાન તેજી રહેતા કારોબારી ભારે ખુશ દેખાયા હતા. બીજી બાજુ છેલ્લા સપ્તાહમાં એકમાત્ર સીઆઈએલની માર્કેટ મુડીમાં ૧૫૧૫.૯૩ કરોડનો ઘટાડો થયો હતો. આની સાથે જ તેની માર્કેટ મુડી ઘટીને ૨૪૮૮૯૬.૩૪ કરોડ થઈ હતી. છેલ્લા સપ્તાહ દરમિયાન સેન્સેક્સમાં ૮૯૦ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો. જેથી તેની સપાટી ૨૭૩૧૬ રહી હતી. માર્કેટ મુડીની દ્રષ્ટિએ ટીસીએસ પ્રથમ ક્રમાંક પર યથાવત છે.

### અભિષેક અને જહોન અબ્રાહમની જોડી ચમકશે

## હેરાફેરી-૩ ફિલ્મ આજ વર્ષમાં રજૂ કરવા તૈયારી

મુંબઈ,તા.૨૧

વર્ષ ૨૦૦૬ની સુપરહિટ કોમેડી ફિલ્મ ફિર હેરાફેરીની સિક્વલ ફિલ્મ હેરાફેરી-૩નુ શુટિંગ આખરે શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ફિલ્મમાં હજુ સુધીના બન્ને ભાગમાં કામ કરી ચુકેલા અક્ષય કુમારની ભૂમિકા રહેશે નહી. જો કે સુનિલ શેટ્ટી, પરેશ રાવલ આ ફિલ્મમાં પણ કામ કરનાર છે. આ ફિલ્મનુ નિર્દેશન નિરજ વોરા કરનાર છે. આ ફ્રેન્ચાઈઝની આ ત્રીજી ફિલ્મ રહેશે. અગાઉની બન્ને ફિલ્મો બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ચુકી છે. આ સિરિઝની ત્રીજી ફિલ્મમાં આ વખતે જહોન અબ્રાહમ અને અભિષેક બચ્ચનની જોડી રહેશે. આ જોડી અગાઉ ધુ મચાવી ચુકી છે. બન્ને અગાઉ વર્ષ ૨૦૦૮માં રજૂ થયેલી ફિલ્મ કરણ જોહરની દોસ્તાનમાં નજરે પડ્યા હતા. આ ઉપરાંત ધુમ સિરિઝની પ્રથમ ફિલ્મમાં આ બન્ને રહ્યા હતા. જે બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. આ ફિલ્મનુ શુટિંગ હવે ઝડપથી હાથ ધરવામાં આવનાર છે. ફિલ્મમાં અભિનેત્રી તરીકે બે અભિનેત્રીઓ રહેશે. જેમાં ઈશા ગુપ્તા અને નેહા શર્માનો સમાવેશ થાય છે. ઈશા ગુપ્તા માટે આ મોટી ફિલ્મ તરીકે રહી શકે છે. કારણ કે તેની કેરિયરમાં આ ફિલ્મ નવા વળાંક લાવી શકે છે. ખુબસુરત અને સેક્સી સ્ટાર હોવા છતાં ઈશાને બોલિવુડની મોટી ફિલ્મ મળી રહી નથી. હવે તેને મોટા બેનરની ફિલ્મ હાથ લાગી છે. આવી જ સ્થિતી નેહા શર્માની છે.

### પીએસયુ બેંક એમડી પોસ્ટ મામલો

## ૧૧ ઉમેદવારની ટુંકી યાદી તૈયાર કરાઈ

નવી દિલ્હી ,તા. ૨૧

જાહેર ક્ષેત્રોની પાંચ મોટી બેંકોના સીઈઓ અને એમડીના હોદ્દાઓ માટે આરબીઆઈ ગવર્નર રઘુરામ રાજનના નેતૃત્વમાં પેનલ દ્વારા ૧૧ ઉમેદવારોની ટુંકી યાદી તૈયાર કરી લેવામાં આવી છે. પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા, કેનેરા બેંક સહિત જાહેર ક્ષેત્રની પાંચ મોટી બેંકોના સીઈઓ અને એમડીના હોદ્દા માટે ઉમેદવારોની ટુંકી યાદી તૈયાર કરી લેવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેબિનેટ દ્વારા એક મહિનાના ગાળામાં સફળ ઉમેદવારોના નામ નક્કી કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, તમામ યાદીમાં સામેલ કરવામાં આવેલા ઉમેદવારો જાહેર ક્ષેત્રોની બેંકોના જ રહ્યા છે. ઈન્ટરવ્યુ માટે ખાનગી ક્ષેત્રની બેંકના ઉમેદવારોને પણ બોલાવવામાં આવ્યા હતા પરંતુ યાદી જાહેર ક્ષેત્રના બેંકોમાંથી જ તૈયાર કરવામાં આવી છે. ૨૬ જેટલા ઉમેદવારો ઈન્ટરવ્યુ માટે ઉપસ્થિત રહ્યા હતા જેમાં ખાનગી સેક્ટરની બેંકોના કારોબારીઓનો પણ સમાવેશ થાય છે. ટુંકી યાદી ઉમેદવારોની જે તૈયાર કરવામાં આવી છે તેમાં પીએનબીના કારોબારી ડિરેક્ટર, બેંક ઓફ બરોડાના એક કારોબારી ડિરેક્ટર, આઈડીબીઆઈ બેંકના એક ડીએમડી અને જાહેર ક્ષેત્રની અન્ય એક બેંકના સીએમડીનો સમાવેશ થાય છે. વય વર્યાદા ૫૫થી વધારીને ૫૭ કરવામાં આવી હતી. બેંકિંગ સેક્ટરમાં ખાલી જગ્યાઓ વહેલી તકે ભરવામાં આવી રહી છે.